**Lang. Code : 06**

# AAT-20-I

प्रश्न-पत्र I / PAPER I

गुजराती भाषा परिशिष्ट

Gujarati Language Supplement

भाग IV & V / PART IV & V

परीक्षा पुस्तिका संकेत
Test Booklet Code

**I**

परीक्षा पुस्तिका संख्या
Test Booklet No.

इस पुस्तिका में **20** पृष्ठ हैं ।
This booklet contains **20** pages.

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए निर्देशों को ध्यान से पढ़ें ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें । / For instructions in Gujarati see Page 2 of this Booklet.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो या तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I, II, III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **I** । यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ**-2 एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है । अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा I - (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा II - (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं । **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए ।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Parts I, II, III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page / marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **I**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language I - (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language II - (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part -V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ______________________
Name of the Candidate (in Capitals) :
अनुक्रमांक : (अंकों में) ______________________
Roll Number : in figures
: (शब्दों में) ______________________
: in words
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ______________________
Centre of Examination (in Capitals) :
परीक्षार्थी के हस्ताक्षर : ______________ निरीक्षक के हस्ताक्षर : ______________
Candidate's Signature : Invigilator's Signature :
Facsimile signature stamp of
Centre Superintendent ______________________

I

**Lang. Code : 06**

# AAT-20-I

પરીક્ષા પુસ્તિકા સંકેત

**I**

આ પુસ્તિકામાં 20 પાનાં છે.

**પેપર I**

**ગુજરાતી ભાષા પરિશિષ્ટ**

**ભાગ IV & V**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

*પરીક્ષાર્થીઓ માટે દિશાનિર્દેશ* :

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I, II, III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઈંટ પેન**નો જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે **I**. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા I – (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા II – (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ V (ભાષા II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ______________________

અનુક્રમાંક : અંકોમાં ______________________

: શબ્દોમાં ______________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ______________________

પરીક્ષાર્થી દસ્તખત : ______________ નિરીક્ષક દસ્તખત : ______________

Facsimile signature stamp of
Centre Superintendent ______________________

**ભાગ-IV (પ્ર. 91 થી 120)** ફક્ત **ગુજરાતી** ભાષા-**I**નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted Gujarati as **Language-I** only.

## ભાગ – IV
## ભાષા – I
## ગુજરાતી

**સૂચના :** ભાગ – IV (પ્ર. **91** થી **120**) ફક્ત **ગુજરાતી** ભાષા – **I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચેનો ફકરો વાંચીને, નીચેના આપેલા પ્રશ્નોના જવાબ આપો : (91 થી 99)**

વૃક્ષોનો મહિમા આપણે ગાતાં હોઈએ છીએ એનું કારણ આપણે વૃક્ષોને આખાયે વનસ્પતિ જગતના પ્રતિનિધિ ગણ્યાં છે, તે છે. ખરેખર તો સારું યે વનસ્પતિ જગત અને એની અંદરની વગડામાં ઊભેલી પાતળી ખડમાંકડા જેવી ઘાસની સળીથી માંડી ઘેઘૂર વડલા સુધીની, પાણીમાં છેક તળિયે ઊગી નીકળતી પાન-બરૂથી શરૂ કરી પર્વતની ટોચે ઊભનાર ઊંચા સાગના સોટા સુધીનાં સૌ પરમાર્થ કાજે જ જાણે જીવી રહ્યાં છે ! કોઈનાં પાંદડાં મોટાં છે તો કોઈનાં ઝીણાં-ઝીણાં છે. અરે ! કોઈ કેરડા જેવાને નેવકા ન હોય તેયે શું થઈ ગયું ? એ તો "જેવો દેશ એવો વેશ" ! એની ઉપરની સપાટી માંહેના હરિતદ્રવ્યો અટપટા ખેલ દ્વારા સૂર્યપ્રકાશને એવો ફસાવી પાડતા હોય છે કે નીચેનાં મૂળિયાં દ્વારા ચૂસાયેલ કાચા ખોરાકનું બરાબર રાંધણું કરી આપે પછી જ છૂટો કરે એવી ગજબની ત્રેવડ. આપણને જરૂરી આહારમાંથી મોટા ભાગનો આહાર પૂરો પાડવાનું કામ એ જ સંભાળે છે. આપણાં અન્ન-વસ્ત્ર અને આવાસ ઉપરાંત બળતણ, ગુંદર, મીણ, મધ, કાગળ જેવી અનેક ચીજો પૂરી પાડવામાં વનસ્પતિનો ફાળો નાનોસૂનો નથી. ઘોડિયાથી માંડી ચિતા સુધીની ચિંતા એ જ સેવે છે. કુંવારપાઠું અને બીજી કેટલીય "દૂધ" જેવો જીવનરસ ધરાવતી થોર અને કેટલીય કેકટસ વર્ગની વનસ્પતિ છે કે જેને પાણી વાંકે લંઘાવાની બીક જ નહીં ! એને જો જરૂર લાગે તો મૂળને બદલે તેનાં જાડા દળવાળાં પાન દ્વારા હવામાંથી પાણી ભેજ પકડી તરસ છીપાવી લે. સરગવા અને સાગ જેવાના છોડવા ઊગીને થોડોક સમય ટકી જાય એટલે એવી ગાંઠ બાંધી લે કે પછી મળ્યું ન મળ્યું આ ભાથામાંથી ઘણો વખત નભ્યા કરે !

અકસ્માતે મકાનોની દીવાલે અદ્ધર ઊગી નીકળેલાં પીપળ, વડ, ઉમરો કે પીપેરને ત્યાં બીજી કશી જ સગવડ ન હોવા છતાં એ મૂંઝાઈ રહેતાં નથી. "જિજીવિષા"થી વનસ્પતિ પણ બાકાત નથી. ખેડૂતને માથાના દુઃખાવા સમાન લાગતાં કેટલાંક નિંભર નિંદામણના બીજની તાકાત એવી હોય છે કે ઉપરથી સાત સાત ચોમાસા પસાર થઈ જાય છતાં જ્યારે ભેજ મળે ત્યારે ખેડૂતની આંખમાં ધૂળ નાખીને હાજર.

**91. કઈ વનસ્પતિને જલાધાર અનિવાર્ય નથી ?**

(1) ઔષધીય

(2) આત્મકેન્દ્રી

(3) મૂલાધારી

(4) રસધારી

**92. વનસ્પતિ માણસની કઈ ચિંતા કરે છે ?**

(1) ઔષધની

(2) રોકડપાકની

(3) જન્મથી મૃત્યુ સુધીની

(4) લાકડાંની

**93. 'અદ્ધર' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધી કાઢો.**

(1) ઉપર

(2) નીચે

(3) સદ્ધર

(4) નિંભર

**94. 'ભાથું' શબ્દનો પર્યાયવાચી શબ્દ તમારી દષ્ટિએ નીચેના વિકલ્પોમાંથી કયો હોઈ શકે છે ?**

(1) ભોજન

(2) ભોથું

(3) પાથેય

(4) માથું

**95. 'જેવો દેશ એવો વેશ' વાક્યમાં કઈ વિલક્ષણતા ભાષારૂપની દષ્ટિએ જોવા મળે છે ?**

(1) તુલનાત્મકતા

(2) કહેવત

(3) ભાવનાત્મકતા

(4) કર્મણિપ્રયોગ

**96. 'આંખમાં ધૂળ નાખીને હાજર' વાક્યમાં ભાષા પ્રયોગની કઈ વિશેષતા પ્રયુક્ત થયેલી જોઈ શકાય છે ?**

(1) સજીવારોપણ

(2) ભાવે પ્રયોગ

(3) કર્મણિ પ્રયોગ

(4) રૂઢિપ્રયોગ

**97. જીવવાની ઈચ્છા કોનામાં સંપૃક્ત હોય છે ?**

(1) પાણીમાં

(2) વનસ્પતિમાં

(3) મૂળમાં

(4) ડાળખીમાં

**98. વનસ્પતિ તૃષાતૃપ્તિ કેવી રીતે કરે છે ?**

(1) વર્ષાબુંદોથી

(2) ભેજ દ્વારા

(3) પવન દ્વારા

(4) ખાતરપાણી વડે

**99. 'પરમાર્થ કાજે જ જાણે જીવી રહ્યાં છે' માં અલંકાર શોધી કાઢો.**

(1) ઉત્પ્રેક્ષા

(2) અપહ્નુતિ

(3) રૂપક

(4) સજીવારોપણ

**નીચેનું કાવ્ય વાંચીને એમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબો આપો : (100-105)**

સુખનાં સુખડ જલે રે મારા મનવા ! દુ:ખનાં બાવળ બળે!
બળે રે જી... દુ:ખનાં બાવળ બળે!
સુખડ જલે ને થાય ભસમની ઢગલીને
બાવળના કોયલા પડે – મારા મનવા !
કોઈનું સુખ ખટરસનું ભોજન કોઈ મગન ઉપવાસે
કોઈનું સુખ આ દુનિયાદારી કોઈ મગન સંન્યાસે
સુખનાં સાધન ને આરાધન લખ ચકરાવે ચડે
કોઈ પરમારથમાં સ્વર્ગ સમાન સુખ શોધે કોઈ પરદુ:ખે સુખિયા
ભગત કરે ભગતીનો ઓચ્છવ કોઈ મંદિરના મુખિયા
સમદુખિયાંનો શંભુમેળો ભવમાં ભેગો મળે
રંગવિલાસી ભોગી દીઠાં જોગી બ્રહ્મ-વિલાસી
પામર સુખ અજરામર સુખના સહુને દીઠાં પ્યાસી
બધા ઝઝૂમે અકિંચન કમળે

**100. શેના ચંદન સળગી રહ્યા હોવાનું કવિ જણાવે છે ?**

(1) દુ:ખના
(2) જંગલના
(3) બાવળના
(4) સુખના

**101. ભક્તિનો ઉત્સવ કવિના કહેવા અનુસાર કોણ ઉજવી રહ્યું છે ?**

(1) પૂજારી
(2) રંગવિલાસી
(3) ભક્ત
(4) મંદિરના ટ્રસ્ટી

**102. ખટરસ એટલે કુલ કેટલા રસ અહીં નિર્દિષ્ટ છે ?**

(1) છ
(2) નવ
(3) ખાટો
(4) તૂરો

**103. 'સ્વર્ગ સમાન સુખ' પંક્તિમાં કયા અલંકારનો ઉપયોગ કવિએ કરી બતાવ્યો છે ?**

(1) યમક
(2) ઉપમા
(3) વ્યતિરેક
(4) સજીવારોપણ

**104. 'પરમારથ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધો.**

(1) પરમસુખ
(2) પરમજય
(3) પરમાનંદ
(4) સ્વાર્થ

**105. 'અકિંચન' શબ્દનો પર્યાયવાચી શબ્દ વિકલ્પોમાંથી પસંદ કરો.**

(1) અચિંતન
(2) નિર્ધન
(3) તપોધન
(4) યશોધન

**સૂચના :** નીચેના પ્રશ્નોના ઉત્તર **સર્વાધિક યોગ્ય** વિકલ્પની પસંદગી કરીને આપો.

**106. વ્યાકરણ શીખવા માટે નીચેનામાંથી કઈ પદ્ધતિ વધુ પ્રભાવક છે ?**

(1) વ્યાકરણના નિયમો ઉદાહરણો સાથે શીખવવા.

(2) પાઠનો અનુવાદ કરતી વખતે વ્યાકરણના નિયમો શીખવવા.

(3) વ્યાકરણના કોઈ એક પુસ્તકનો ઉપયોગ કરીને વ્યાકરણનું શિક્ષણ આપવું.

(4) એવા પૂર્વાપર સંદર્ભ સાથે વ્યાકરણ ભણાવવું જે નિયમો તરફ જ દોરી જાય.

**107. 'સામાજિક આદાનપ્રદાન'નો અભિગમ કોની સાથે જોડાયેલો છે ?**

(1) પાણિનિ

(2) સ્કીનર

(3) વ્યોગોત્સ્કી

(4) કોલબર્ગ

**108. ભાષા શીખવા માટે બાળકોને નીચેનામાંથી કઈ વસ્તુ ઉપયોગી થાય છે ?**

(1) જ્યાં બાળકને વધુ ન બોલવા મળતું હોય એવા ઘરનું વાતાવરણ.

(2) ઘર અને આસપાસમાં મોટાઓની વાતો સાંભળવી.

(3) બાળકોને સાચા વાક્યો/ઉચ્ચારણોનું પુનરાવર્તન કરવાનું સૂચવવું.

(4) બીજા બાળકો સાથે રમવું.

**109. બાળક જો નીચેનામાંથી કોઈ એકની આદત અથવા પરિચય ધરાવતું હોય તો એ નૈસર્ગિક રીતે ભાષા શીખે છે ......**

(1) એક સમયે ફક્ત એક ભાષા

(2) આસપાસના વાતાવરણમાં એકથી વધુ ભાષાઓનું અસ્તિત્વ

(3) ખાસ કરીને વીજાણુ અને મુદ્રિત માધ્યમ

(4) જે તે ભાષાનું વ્યાકરણ માળખું

**110. પાઠવાચન માટે નીચેનામાંથી કઈ બાબત સૌથી વધુ મહત્ત્વની છે ?**

(1) પાઠનો પ્રત્યેક શબ્દ વાંચવો.

(2) વિરામચિહ્નો પર ધ્યાન આપવું.

(3) લિખિત પાઠનો અર્થ સમજવો.

(4) શુદ્ધ ઉચ્ચારો સાથે મોટેથી વાંચવું.

**111. નીચેનામાંથી કયો ભાષા શિક્ષણનો હેતુ નથી ?**

(1) આકલન સાથે વાંચવાની ક્ષમતા

(2) વિચારોની પ્રયાસસભર અભિવ્યક્તિ

(3) જે સાંભળે છે તે બધું સમજવાની ક્ષમતા

(4) તર્કસંગત લેખનનો વિકાસ

**112. ધ્વનિશાસ્ત્રીય જાગૃતિ શેની સાથે સઘન રીતે જોડાયેલી છે ?**

(1) શ્રવણક્ષમતા

(2) વક્તવ્યક્ષમતા

(3) વાચનક્ષમતા

(4) લેખનક્ષમતા

**113. નોમ ચોમ્સ્કી માને છે કે બાળકોમાં ભાષા _____ ની આંતરિક ક્ષમતા હોય જ છે.**

(1) ગ્રહણ

(2) અનુકરણ

(3) પરિવર્તન

(4) અનુવાદ

**114. ભાષાકૌશલ _____ દ્વારા શીખવવું જોઈએ.**

(1) અનુકરણ

(2) વ્યક્તિગત ઢબે

(3) વિસ્તૃત સમજાવટ

(4) એક સંગઠિત પદ્ધતિ વડે

**115. એક શિક્ષિકા બાળકોને ચિત્રકામ અને કલરકામ કરવા માટે પ્રેરી રહી છે. શિક્ષિકા શું કરી રહી છે ?**

(1) વર્ગમાં શાંતિ જાળવી રાખવા માટે બાળકોને વ્યસ્ત રાખવા.

(2) સરસ 'મોટર સ્કીલ'નો વિકાસ કરવો.

(3) બાળ કલાકારોને એમના ઉદ્યમ માટે યોગ્ય તક આપવી.

(4) વિદ્યાર્થીઓને એક કાર્યમાં સાંકળીને એમને સરળતા કરી આપવી.

**116. મૌખિક ભાષાકૌશલના વિકાસમાં નીચેનામાંથી કઈ બાબત સૌથી વધુ ઉપયોગી છે ?**

(1) વ્યક્તિગત રીતે અને સમૂહમાં કાવ્યપઠન કરાવવું.

(2) 'રોલ પ્લે'માં ભાગ લેવો.

(3) શિક્ષકના અનુસરણમાં પાઠ્યપુસ્તકનું સામૂહિક વાચન.

(4) શિક્ષકને અનુસરીને સાચા ઉચ્ચારો સાથે શબ્દોનું સામૂહિક ઉચ્ચરણ.

**117. ત્રીજા ધોરણની શિક્ષિકા વિદ્યાર્થીઓને જે રીતે પાઠમાં આપ્યો છે એ જ ક્રમમાં વાર્તા ગોઠવવાનું કહે છે. આ પ્રવૃત્તિથી શેમાં મદદ મળે છે ?**

(1) ગદ્યખંડના વાચનમાં

(2) બુદ્ધિગમ્ય ઈનપુટ

(3) લેખનકૌશલનું વિસ્તરણ કે વધારો

(4) બાળકોના બોલવાના સમયમાં વધારો

**118. ધોરણ 2ની શિક્ષિકાએ કેટલીક ચીજો પર લેબલ લગાવીને વર્ગખંડમાં રાખી છે. આનાથી વિદ્યાર્થીઓને લિખિત શબ્દને વાસ્તવિક ચીજ સાથે જોડવામાં અનુકૂળતા રહે છે. આ કાર્યથી વિદ્યાર્થીઓનું _____ સમૃદ્ધ થાય છે.**

(1) વ્યાકરણ

(2) લેખનકૌશલ

(3) શબ્દભંડોળ

(4) હસ્તાક્ષર

**119. બાળકની ભાષાદક્ષતાના આકલન માટે નીચેનામાંથી કયું સૌથી ઓછું અસરકારક છે ?**

(1) વાર્તાકથન

(2) વાર્તાલેખન

(3) ઘટનાવર્ણન

(4) શ્રુતલેખન

**120. બાળકોની ભાષાક્ષમતા વધારવા માટે નીચેનામાંથી કયો સવાલ સૌથી વધુ ઉપયોગી છે ?**

(1) તમને ગમતા કોઈ એક પુસ્તકનું નામ આપો.

(2) 'પસંદ' શબ્દનો ઉપયોગ કરીને એક વાક્ય બનાવો.

(3) તમારો તમારી માતા સાથેનો એક સંવાદ લખો.

(4) તમે વાંચેલી કોઈ એક કવિતાના કવિનું નામ કહો.

**ભાગ-V (પ્ર. 121 થી 150)** ફક્ત **ગુજરાતી** ભાષા-**II**નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted Gujarati as **Language-II** only.

## ભાગ – V
## ભાષા – II
## ગુજરાતી

**સૂચના :** ભાગ – V (પ્ર. **121** થી **150**) ફક્ત **ગુજરાતી ભાષા – II**નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચેનો ફકરો વાંચીને નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો : (121-128)**

અપૂર્ણતા એ માનવીની પહેચાન છે. કશુંક ખૂટે છે એટલે જ મક્સદ છે, મંઝિલની તલાશ છે, પૂર્ણતાની ખ્વાઈશ છે. પૂર્ણત્વ પામવાનો પ્રવાસ અંતરના ઓરડામાં કરે કે જગતના ચોકમાં કરે, પણ ખૂટતું ખોજવાનું આજીવન ચાલું રહે અને આયખું ખૂટી પડે છે ! માણસના અસ્તિત્વ સાથે અપૂર્ણ સપના અંધકારમાં આંખમાં ધૂળ નાખીને અદશ્ય થઈ જાય છે. માણસ પોતાની આખી જિંદગીમાં કેટલી આશાઓ, ઈચ્છાઓ, અપેક્ષાઓ, અભરખાઓ સાથે જીવતો હશે ! છતાં આપણાથી સપનાં જોવાય છે.

લીલાછમ્મ સપના જીવનની અપૂર્ણતાને રંગબેરંગી વાઘા પહેરાવી મધુર બનાવે ખરા પણ જ્યારે નક્કર વાસ્તવિકતા સાથે ટક્કર થાય તો કલ્પેલી સૃષ્ટિના લીરેલીરા નીકળી જાય. બનતી ઘટનાઓ કઈ આપણી કલ્પના મુજબ આકાર લે એવું જરૂરી નથી. ગમતું હોય એવું બધું ક્યારેય કોઈને નથી મળતું. ઈશ્વર દેહધારી થઈને આવે તો એને પણ નહિ. બીજાને બદલવાના દુરાગ્રહી લોકો ય પોતાનો સ્વભાવ સહેલાઈથી બદલાવી શકતા જ નથી ! પરફેક્શનનો આગ્રહી સમાજ એ ભૂલી જાય છે કે માણસને વિશિષ્ટતાનું જે વરદાન છે અપૂર્ણતાનું છે. એટલે જ માણસને ભૂલ કરવાનો અધિકાર છે. જે ભૂલપ્રૂફ હોવાનો દાવો કરે એ દંભી છે. ભૂલ સુધારવાના અવસર મળવા જોઈએ. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે માનવદેહ સદગુણ, રજોગુણ અને તમોગુણથી બનેલો છે. ગુણાતીત અવસ્થા મેળવવા માટે આ શરીર છોડવું પડે. જ્યાં સુધી દેહનું અસ્તિત્વ છે ત્યાં સુધી વિકારનું અસ્તિત્વ છે. પૂર્ણતા આદર્શ હોઈ શકે, વાસ્તવિકતા નહિ. પૂર્ણતા પોતે જ ધીમેધીમે ચાલે છે. ભગવદ્ ગીતામાં દુર્ગુણોની યાદીમાં દંભ સૌથી પહેલા નંબરે છે. કોઈ માણસની ભૂલ કે નબળાઈને સ્વીકારીને સુધારવાનો મોકો આપવાની જગ્યાએ એને મજાક બનાવવાના કે સજાના આગ્રહી સમાજની વચ્ચે સ્વસ્થ સમાજની આશા કેમ રાખવી ! ઊલટાનું ખામીઓ અને નબળાઈઓને છુપાવીને દેખાડાની દિવાલો ચણી દેવામાં આવે સલામતી અનુભવાય. આ સલામતી થોડા સમયની રાહત હોઈ શકે પરંતુ લાંબાગાળાનું નુકસાન જ સાબિત થાય. પૂર્ણતા પામવી હોય તો અપૂર્ણતાનો સ્વીકાર કરવો જરૂરી છે. પૂર્ણતા એકડા વિનાનાં મીંડા જેવી જ છે.

**121.** 'સમણાં' શબ્દનો સમાનાર્થી શબ્દ નીચેનામાંથી તારવો.

(1) રમણાં

(2) ભ્રમણાં

(3) સપના

(4) વિટંબણા

**122.** 'પૂર્ણતા પોતે જ ધીમેધીમે ચાલે છે.' વાક્યમાં તમને કયો અલંકાર દષ્ટિગોચર થાય છે ?

(1) દષ્ટાંત

(2) રૂપક

(3) સજીવારોપણ

(4) ઉપમા

**123.** 'આપણાંથી સપના જોવાય છે.' વાક્ય વ્યાકરણની દષ્ટિએ કેવા પ્રકારનું છે ?

(1) આશ્ચર્યવાચક

(2) પ્રશ્નવાચક

(3) કર્મણિ

(4) આજ્ઞાર્થવાચક

**124.** 'નુકસાન જ સાબિત થાય' વાક્યમાં વ્યાકરણની કઈ વિશેષતા છે ?

(1) કર્તરિ પ્રયોગ

(2) સાદું વાક્ય

(3) વ્યંજન કેન્દ્રી

(4) કર્મણિ

**125.** 'પૂર્ણતા એકડા વિનાના મીંડા જેવી છે' માં કઈ વિલક્ષણતા દશ્યમાન થાય છે ?

(1) ઉપમા

(2) દષ્ટાંત

(3) સાદશ્યતા

(4) કહેવત

**126.** 'આંખમાં ધૂળ નાખીને' વાક્ય કેવા પ્રકારનો પ્રયોગ છે ?

(1) તૃતીયા અધિકરણ વિભક્તિ

(2) સંપ્રદાન વિભક્તિ

(3) રૂઢિપ્રયોગ

(4) અપાદાન વિભક્તિ

**127.** દીર્ઘકાલીન હાનિ શેનાથી થાય છે ?

(1) ચિંતાથી

(2) સુરક્ષાની અનુભૂતિથી

(3) પૂર્ણતાપ્રાપ્તિથી

(4) અપૂર્ણતાથી

**128.** માનવજીવનમાં હેતુ, લક્ષ્ય અને ઈચ્છાઓ શા કારણે હોય છે ?

(1) કશીક ન્યૂનતા માટે

(2) કશીક નવીનતા માટે

(3) કામિયાબી માટે

(4) પ્રગતિ માટે

**નીચેનો ફકરો વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો : (129-135)**

વિદ્યાર્થીઓની હાજરી લેવાની પ્રક્રિયા પણ શિક્ષણનો એક મહત્ત્વનો ભાગ છે. શિક્ષક ધારે તો વિદ્યાર્થીની ઉપસ્થિતિની નોંધ લેવા માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી શકે. વિદ્યાર્થીના નામ સાથે કોઈ પૌરાણિક પ્રેરક પ્રસંગ કે કથા હોય તો તે કહીને વર્ગખંડમાં ચેતનાનો નવો સંચાર લાવી શકાય. સાંપ્રત પ્રસંગની ચર્ચા કરી જે તે પુસ્તક વાંચવા માટે પણ વિદ્યાર્થીને પ્રેરણા આપી શકાય. વિદ્યાર્થીઓના રોલ નંબરને આધારે બેઠકવ્યવસ્થા બદલી વિદ્યાર્થીઓને નવા મિત્રો બનાવવાની તક સુદ્ધાં આપી શકાય. પ્રત્યેક સપ્તાહ કે માસના અંતે આ ગોઠવણીમાં ફેરફાર કરી શકાય. વિદ્યાર્થીઓ શાળાના પ્રારંભટાણે ખૂબ સ્ફૂર્તિમાં હોય છે. તેઓ ઉત્સાહપૂર્વક શાળામાં પ્રવેશે છે. ચેતનાનો સંચાર ખૂબ મોટા પ્રમાણમાં હોવાથી શાળામાં હાજરી પૂરવાનો સમય તો 'પ્રાઈમ ટાઈમ' છે. આ તો શાળા સમયનો શ્રેષ્ઠત્તમ તબક્કો છે. જો શિક્ષક વિદ્યાર્થીને નજીકથી ઓળખવાની ઈચ્છા ધરાવતા હોય તો આ સમયે એ જરૂરથી શક્ય બની શકે. આગલે દિવસે ગેરહાજર રહેલ વિદ્યાર્થીની ગેરહાજરીનું કારણ જાણી તેણે વિતાવેલા દિવસ વિશે વર્ગને જાણકારી આપવા માટે પ્રોત્સાહન આપીને તેની વક્તૃત્વ શક્તિનો વિકાસ કરી શકાય. આગલા દિવસે આનંદપ્રદ ઘટના બની હોય તો શિક્ષક અને વર્ગ સામેલ થઈ તેના આનંદને બેવડાવી શકે. શોકપ્રદ કે અઘટિત ઘટના બની હોય તો તેના દુ:ખમાં ભાગીદાર બની તેનામાં સંવેદનાનું વાવેતર કરી શકાય. જીવનમાં આવા પ્રસંગો બને ત્યારે હતોત્સાહ થવાને બદલે કુદરતના નિયમને સ્વીકારવાની સમજ આપી વિદ્યાર્થીને લાગણીસભર બનાવી હૂંફ આપી શકાય. વિદ્યાર્થીના મિત્રોને માર્ગદર્શન આપીને તેના દુ:ખને કેવી રીતે ઘટાડી શકાય તેની સમજ આપવાની જવાબદારી શિક્ષક નિભાવી શકે.

શિક્ષક ધારે તો હાજરી પૂરતાં પૂરતાં રમૂજી પ્રસંગો કહીને વર્ગના વાતાવરણને હળવું અને આનંદિત બનાવી શકે. 'વસંતના વધામણા' કરતી વખતે પુષ્પનું નામ બોલીને હાજરી પૂરાવવાની પદ્ધતિ અપનાવીએ તો વિદ્યાર્થીને કયું ફૂલ ગમે છે તે જાણી શકાય. હાજરી પૂરવાની પદ્ધતિને સર્જનાત્મક અને હેતુપૂર્ણ બનાવવાની જવાબદારી શિક્ષકની છે. જીવંત શિક્ષક વડે કામગીરીમાં વૈવિધ્ય લાવી વિદ્યાર્થીઓમાં ઉત્સાહ પ્રેરવાનું કાર્ય થઈ શકે. તેનાથી શિક્ષક હૃદયમાં ગર્વોર્મિ થઈ આવશે.

129. શિક્ષકનું દાયિત્વ કઈ પ્રક્રિયાને રચનાત્મક બનાવવાનું છે ?

(1) શિક્ષણની

(2) વર્ગખંડની

(3) પરીક્ષાની

(4) હાજરીની

130. 'શિક્ષકના હૃદયમાં ગર્વોર્મિ'માં કયો અલંકાર છે ?

(1) વ્યતિરેક

(2) રૂપક

(3) દૃષ્ટાંત

(4) સજીવારોપણ

131. 'બનાવવાની તક સુદ્ધા'માં કઈ વ્યાકરણીય વિશેષતા તમને જોવા મળી ?

(1) ક્રિયાવિશેષણ

(2) નિપાત

(3) પુનરોક્તિ

(4) અલ્પોક્તિ

132. 'સાંપ્રત' શબ્દનો સમાનાર્થી શબ્દ નીચેના વિકલ્પોમાંથી પસંદ કરો :

(1) હસ્તપ્રત

(2) વર્તમાન

(3) સર્વપ્રત

(4) સુપ્રત

133. 'જીવંત શિક્ષક વડે'માં કઈ વિભક્તિનો પ્રયોગ થયો છે ?

(1) ષષ્ઠિ

(2) સપ્તમી

(3) પંચમી

(4) તૃતીયા કરણ

134. વિદ્યાર્થીમાં લાગણીરોપણ કયા પ્રકારે થઈ શકે ?

(1) વેદનામાં સહભાગી બનીને

(2) રજા આપીને

(3) વધુ ગુણ આપીને

(4) રમૂજી પ્રસંગ દ્વારા

135. શાળાના આરંભે વિદ્યાર્થીઓની શું અનુભૂતિ હોય છે ?

(1) નવોન્મેષની

(2) સ્ફૂર્તિની

(3) ઉદાસીનતાની

(4) દુઃખની

**સૂચના :** નીચેના પ્રશ્નોના ઉત્તર **સર્વાધિક યોગ્ય** વિકલ્પની પસંદગી કરીને આપો.

**136. બાળકના ભાષાગ્રહણમાં નીચેનામાંથી કઈ બાબત મહત્ત્વની ભૂમિકા ભજવે છે ?**

(1) શિક્ષક

(2) પરિવાર

(3) શાળા

(4) માધ્યમો

**137. વ્યાકરણના નિયમો યાદ રાખવા એ આ પદ્ધતિનો સાર છે :**

(1) માળખાકીય અભિગમ (સ્ટ્રક્ચરલ અપ્રોચ)

(2) ડાઈરેક્ટ મેથડ

(3) વ્યાકરણ – અનુવાદ પદ્ધતિ

(4) નૈસર્ગિક પદ્ધતિ (નેચરલ અપ્રોચ)

**138. ભાષા શીખતી વખતે નીચેનામાંથી કઈ બાબત મહત્ત્વની નથી ?**

(1) પ્રેરણા

(2) આત્મવિશ્વાસ

(3) શીખવા પરત્વેનો અભિગમ

(4) અનુવાદ

**139. એક શિક્ષક તરીકે બાળકોને લેખન શીખવતી વખતે તમે શું કરશો ?**

(1) બાળકોને ભાષાના મૂળાક્ષરો લખવાનું કહેશો.

(2) બાળકોને એમના વિચારો નોંધી લેવાની તક આપશો.

(3) બાળકોને પહેલા એક ફકરો યાદ કરીને પછી એને સુવાચ્ય અક્ષરોમાં લખવાનું કહેશો.

(4) બાળકોને બ્લેકબોર્ડમાંથી મૂળાક્ષરો નોંધવાની તક આપશો.

**140. ટીચીંગ લર્નિંગ મેથડ (TLM)ની પસંદગી માટે નીચેનામાંથી કયા મુદ્દા મહત્ત્વના છે ?**

(1) એ નજીકના બજારમાં ઉપલબ્ધ હોવી જોઈએ.

(2) એ વધુ મોંઘી ન હોવી જોઈએ.

(3) એ ફક્ત વિદ્યાર્થીઓ દ્વારા જ બનાવેલી હોવી જોઈએ.

(4) એની વિભાવના અને એનો ઉપયોગ સંકલિત પદ્ધતિએ થવો જોઈએ.

**141. બીજા ધોરણના થોડાં વિદ્યાર્થીઓને કેટલાક વિદ્યાર્થીઓને કેટલાક ફોનિમના ઉચ્ચારણમાં મુશ્કેલી પડે છે. નીચેનામાંથી કઈ પદ્ધતિ આ મુશ્કેલીના ઉપાય તરીકે સૌથી વધુ પ્રભાવક કે અસરકારક રહેશે ?**

(1) શિક્ષિકાએ મુખવિવરની આકૃતિના ઉપયોગ દ્વારા બાળકોને ધ્વનિઉદ્‌ભવની પ્રક્રિયા સમજાવીને ઉચ્ચારણ સુધારણા શિખવવી જોઈએ.

(2) શિક્ષિકાએ પ્રાસયુક્ત શબ્દોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને એનો ઉચ્ચાર કરવાનું કહીને એમના દ્વારા બોલાતા શબ્દોમાંથી ફોનિમ ઓળખી કાઢવો જોઈએ.

(3) પાઠનું સસ્વર પઠન કરવું જોઈએ અને પાઠમાંથી ફોનિમને અધોરેખિત કરી બતાવવો જોઈએ.

(4) આ મુશ્કેલીમાંથી બહાર આવવા માટે વિદ્યાર્થીઓને ફોનિમની વારંવાર પ્રેકટિસ અને પુનરાવર્તન કરવાનું સૂચવવું જોઈએ.

**142. જે પદ્ધતિમાં વ્યાકરણના નિયમો કેન્દ્રમાં હોય અને એ નિયમો પર આધારિત સંખ્યાબંધ ઉદાહરણો આપવામાં આવતા હોય એ પદ્ધતિ _____ છે.**

(1) આગમનાત્મક પદ્ધતિ (ઈન્ડક્ટિવ મેથડ)

(2) નિગમનાત્મક પદ્ધતિ (ડિડક્ટિવ મેથડ)

(3) વ્યાકરણ અનુવાદ પદ્ધતિ (ગ્રામર ટ્રાન્સલેશન મેથડ)

(4) પ્રત્યક્ષ પદ્ધતિ (ડાઈરેક્ટ મેથડ)

**143. વિદ્યાર્થીઓ ભાષા કેવી રીતે ગ્રહણ કરે છે ?**

(1) નૈસર્ગિક આદાનપ્રદાનાત્મક વાતાવરણમાં ભાષાનો ઉપયોગ કરીને.

(2) ભાષાની સંરચનાનું વિશ્લેષણ કરીને.

(3) ભાષામાં લખાયેલું સાહિત્ય વાંચીને.

(4) જે-તે ભાષાના ભાષકોની સંસ્કૃતિ વિશે માહિતી પ્રાપ્ત કરીને.

**144. 'ફાઈન મોટર સ્કીલ'ના વિકાસનું ઉદાહરણ નીચેનામાંથી કયું છે ?**

(1) ક્લાઈમ્બીંગ (ચઢાણ)

(2) હોપીંગ (લંગડી)

(3) લેખન

(4) વાચન

**145. વર્ગખંડમાં બહુભાષિતાને પ્રોત્સાહન આપવા માટે શિક્ષક દ્વારા નીચેનામાંથી કયો સવાલ પૂછાય છે ?**

(1) બલૂન કેટલું ઊંચે ઊડી શકે છે ?

(2) તમારી ભાષામાં શાકભાજીના નામ લખો.

(3) શું તમારી પાસે કોઈ પાળેલું પ્રાણી (કૂતરો વગેરે) છે ?

(4) શું તમે પત્રો લખ્યા છે ?

**146. નીચલા ધોરણના વર્ગોમાં બાળગીતોનો ઉપયોગ કરવો જોઈએ કેમકે**

(1) એનાથી બાળકોને લક્ષ્યભાષા બોલવાની તક મળે છે.

(2) એનાથી બાળકો શિસ્તબદ્ધ રહે છે.

(3) એનાથી બાળકોને લક્ષ્યભાષાનું વ્યાકરણ શીખવામાં મદદ મળે છે.

(4) એનાથી બાળકોને અઘરા શબ્દો સમજવામાં અને વાક્યરચનામાં મદદ મળે છે.

**147. શિક્ષિકાએ વર્ગમાં શ્રવણ પ્રવૃત્તિ કરાવવાનું નક્કી કર્યું. શિક્ષિકા કેટલીક બુદ્ધિમંથનાત્મક પ્રવૃત્તિઓ અને કાર્યોનું આયોજન કરે છે અને વિદ્યાર્થીઓને રસ પડે એવા પ્રશ્નો પૂછીને એની ચર્ચા કરે છે. આ તૈયારીઓ શેના માટે હોય છે ?**

(1) શ્રવણ-પૂર્વ પ્રવૃત્તિઓ (પ્રિ-લિસનિંગ એક્ટિવિટીઝ)

(2) શ્રવણ સમયની પ્રવૃત્તિઓ (વ્હાઈલ લિસનિંગ એક્ટિવિટીઝ)

(3) શ્રવણોત્તર પ્રવૃત્તિઓ (પોસ્ટ-લિસનિંગ એક્ટિવિટીઝ)

(4) શ્રવણ પ્રવૃત્તિઓનું ફોલોઅપ

**148. ભાષાના વર્ગમાં ચિત્રો/પોસ્ટરના ઉપયોગ સંદર્ભે નીચેનામાંથી કયું સાચું નથી ?**

(1) એનાથી બાળકોને ચિત્રોનું નિરીક્ષણ કરવાની તક મળે છે.

(2) એનાથી બાળકોને પોતાની જાતને અભિવ્યક્ત કરવાની અને ચિત્રોના આધારે કશુંક લખવાની તક મળે છે.

(3) એનાથી બાળકોને કલ્પનાની દુનિયામાં વિહરવાનો અવકાશ મળે છે અને બાળકોની રચનાત્મકતા ખીલે છે.

(4) એનાથી બાળકોને શ્રવણકૌશલ વિકસાવવાની તક મળે છે.

**149. સાક્ષરતાના પ્રારંભિક તબક્કામાં ______ પણ 'લેખન' ગણાય.**

(1) વર્ણો લખવા

(2) શબ્દલેખન

(3) વાક્ય રચવું

(4) ચિત્રકામ

**150. વિદ્યાર્થીના ભાષા શિક્ષણના આકલન માટે નીચેનામાંથી કઈ બાબત સૌથી વધુ મહત્ત્વની છે ?**

(1) ચેકલિસ્ટ

(2) રેટિંગ સ્કેલ

(3) પોર્ટફોલિઓ

(4) સંવાદ કે આદાનપ્રદાન (ઈન્ટરેક્શન)

રફ કાર્ય માટે જગ્યા

રફ કાર્ય માટે જગ્યા

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. કેન્દ્ર અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.
12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.**

**निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :**

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें ।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **काले/नीले बॉल पॉइन्ट पेन** से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
5. परीक्षा पुस्तिका / उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाज़िरी-पत्र में लिखें ।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी । इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए ।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्वीच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए । इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और उनके विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित ।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं हाज़िरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाज़िरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा । **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान हाज़िरी-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ ।**
12. इलेक्ट्रॉनिक / हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा ।
14. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल / कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र कक्ष-निरीक्षक को अवश्य सौंप दें । परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।**

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY:**

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Black/Blue Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet / Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against them including cancellation of examination.
9. Each candidate must show on demand his / her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his / her seat.
11. The candidates should not leave the Examination Hall/Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic / Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***